Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:4.081
Volume-12, Issue-4, March-2019 www.researchguru.net

# ગુજરાતી સાહિત્યમાં આધુનિકયુગની કવિતાના વિવિધ સંપ્રત્યયો

**ડૉ. સંજય મકવાણા**

એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠઃ રાંધેજા મો. 9427431670 ઈમેલઃ sanjaymakwana@gujaratvidyapith.org

**ટૂંકસાર**

સમયકાળની દૃષ્ટિએ જેને આપણે આધુનિક યુગ કહેવા જઈ રહ્યા છીએ તે ઇ.સ.૧૯૫૫ આસપાસ ગુજરાતી સાહિત્યમાં પ્રબળ આવિષ્કાર રૂપે ઉભરી આવે છે. તેના પાયામાં વિદ્રોહ, અસ્વીકાર અને ઉચ્છેદ પડેલા છે. આધુનિકતાના આ આવિર્ભાવનીપાછળ યુગચેતના અને આધુનિક ચિંતનની ભૂમિકા રહેલી છે. આધુનિકતા (Modernity) નો અર્થ સંકુલ છે. કવિતા સેંન્દ્રિય પદાર્થ છે. અને અનુ પર્યવસાન ઈન્દ્રિયપ્રત્યક્ષ-સંવેદ્ય હોવું જોઈએ એ વાતનો આગ્રહ રાખવામાં આવ્યો. ભાષાનો આ દૃષ્ટિએ મહિમા વધ્યો.આધુનિક કવિ ભાષા પ્રત્યે વધુ સભાનતા કેળવે છે. ભાષાની શક્યતાનો પૂરેપૂરો કયાસ કાઢે છે. નવી ભાષા નહિ પણ અવનવી રીતે ભાષાપ્રયોગ કર્યો છે.આપણે ત્યાં આધુનિકતાના પ્રબળ આવિષ્કર્તા કવિઓમાં જોઈએ તો સુરેશ જોષી, ગુલામમહમ્મદ શેખ, લાભશંકર ઠાકર, રાવજી પટેલ, મણિલાલ દેસાઈ, સિતાંશુ મહેતા, ચંદ્રાકાન્ત શેઠ, રમેશ પારેખ, અનીલ જોષી, ચંદ્રકાન્ત ટોપીવાળા ઉપરાંત અનેક કવિઓએ આધુનિક કવિતાને પોષી છે. અને તેની કવિતાને કેન્દ્રમાં રાખીને આ સંશોધન લેખ કરેલો છે.

**ચાવીરૂપ શબ્દો**

**ગુજરાતી સાહિત્ય**- ગુજરાતી ભાષામાં સર્જાયેલું સર્જનાત્મક સાહિત્ય. જેમાં પદ્ય અને ગદ્યમાં કવિતા, નવલકથા, ટૂંકી વર્તા, ચરિત્ર, નિબંધ વગેરેને આવરી લેવામાં આવે છે.

**આધુનિકયુગ** - ગુજરાતી સાહિત્યમાં સમય-કાળની દૃષ્ટિએ યુગ વિભાજન કરવામાં આવેલ છે. જેને આપણે આધુનિકયુગ કહેવા જઈ રહ્યા છીએ તે ઇ.સ.૧૯૫૫ આસપાસ ગુજરાતી સાહિત્યમાં પ્રબળ આવિષ્કાર રૂપે ઉભરી આવે છે. તેના પાયામાં વિદ્રોહ, અસ્વીકાર અને ઉચ્છેદ પડેલા છે. આધુનિકતાના આ આવિર્ભાવનીપાછળ યુગચેતના અને આધુનિક ચિંતનની ભૂમિકા રહેલી છે. આધુનિકતા (Modernity) નો અર્થ સંકુલ છે.

**સંપ્રત્યય** - સંપ્રત્યય Concept સંજ્ઞા મૂળ લેટિનમાંથી ઉતરી આવી છે. જેનો સામાન્ય અર્થ થાય છે ધારણ કરવું. સંપ્રત્યય એટલે એક અભિધારણા. સાહિત્યકૃતિ કે સાહિત્યસ્વરૂપના વિશેષો

અને કાર્યશીલતાની એક વ્યાપક અભિધારણા રૂપે જે સિદ્ધાંત રચાયો હોય છે એ સમય અને સ્થળના જુદા સંદર્ભોમાં, કૃતિનાં સૌંદર્યઘટકોને સર્વસામાન્યથી વિશેષ તરફ ગતિ કરે છે.

**પ્રસ્તાવનાઃ**

સમયકાળની દૃષ્ટિએ જેને આપણે આધુનિક યુગ કહેવા જઈ રહ્યા છીએ તે ઇ.સ.૧૯૫૫ આસપાસ ગુજરાતી સાહિત્યમાં પ્રબળ આવિષ્કાર રૂપે ઉભરી આવે છે. તેના પાયામાં વિદ્રોહ, અસ્વીકાર અને ઉચ્છેદ પડેલા છે. આધુનિકતાના આ આવિર્ભાવનીપાછળ યુગચેતના અને આધુનિક ચિંતનની ભૂમિકા રહેલી છે. આધુનિકતા (Modernity) નો અર્થ સંકુલ છે. એમાં નવી નવી અર્થછાયાઓ ઉમેરતા એ સંકુલતામાં સતત વૃદ્ધિ અને વિકાસ થતો રહ્યો છે. વિરોધ અને વિરોધાભાસી પાયાનું સત્વ છે. એ માત્ર સમયવાચી સંજ્ઞા નથી ગુણવાચી સંજ્ઞા છે. આધુનિક મનુષ્ય અને કલાનું નિર્માણ ક્રિયા પ્રતિક્રિયા રૂપે થયું છે. પાશ્ચાત્યવાદોનું આંદોલન સાહિત્યના કવિતા ઉપરાંત અન્ય તમામ સ્વરૂપોમાં પ્રબળ રીતે થાય છે.

બીજા વિશ્વયુદ્ધ પછી માણસને માણસની વ્યક્તિહીનતાનું ભાન થાય છે. જાપાન પર અણુબોંબ પડવાની ઘટના મનુષ્યની હિંસાવૃત્તિને ઉઘાડી પાડે છે. સંવેદનાને આઘાત લાગે છે. હિંસા અને શોષણ સામે અવાજ ઊભો થાય છે. યંત્રવત્ મનુષ્યની ચેતના પર અસર થઈ ખંડિત બને છે .ઈશ્વર પરનો ભરોસો ગુમાવી બેસે છે. વ્યક્તિ અને કહેવાતા મૂલ્યોની ભ્રામકતા ખુલ્લી પડે છે. શૂન્યતા, પરાયાપણું, અન્ય નિરપેક્ષ સ્વત્વ, સાપેક્ષતા, મૃત્યુ, સ્વાતંત્ર્ય, સત્તા વગેરેને કેન્દ્રમાં રાખીને અનેક મતમતાંતરો ઉપસે છે.

ઓર્તેગાએ આધુનિક કલાની વાત કરતા અમાનવીકરણ, કલાકૃતિ, વક્રોક્તિનો આધાર વગેરે જણાવતાં માર્ક્સ, આઈસ્ટાઈન અને સિગ્મંડ ફ્રોઈડ જેવા વિચારકોની વિચારધારાઓએ પ્રગટેલી આધુનિકતાના આર્વિભાવની બૌદ્ધિક ભૂમિકા રચી આપી. આધુનિકતાનું ઉદ્‌ગમ કેન્દ્ર આધુનિક કલાકારના અહમમાં છે. રૂપ (form) જીવાતુભૂત તત્ત્વ છે. તો રૂપને ગતિશીલ અને સંઘટક સૂત્ર તરીકે જોવાનું એરિસ્ટોટલ સૂચવે છે. આધુનિક સાહિત્યનો રૂપકેન્દ્રી વિભાગ એમ માનવા પ્રેરે છે કે સર્જન પ્રક્રિયા રૂપનિર્મિતિની પ્રક્રિયા છે. અને એ રીતે કવિતાક્ષેત્રે આપણે ત્યાં કામ કરનાર કવિઓએ તેને પૂરેપૂરા ઢંગથી તપાસ્યું છે. સાર્ત્રના અસ્તિત્વવાદ સાથે વાસ્તવવાદ, પરાવાસ્તવવાદ વગેરે ફિલસૂફીઓ વિકસી છે. સાર્ત્ર અને કામૂ જેવાના પ્રભાવે તેમજ આયોનેસ્કો, બેકેટ, આદામોવ જેવાના નાટકો દ્વારા એબ્સર્ડનો મહિમા વધ્યો છે. આમ પશ્ચિમની સાથે સાથે ફ્રાન્સમાંથી આવેલા શુદ્ધ કવિતાના ખ્યાલે પણ આપણા વિવેચન અને કાવ્યવિભાવનાને પ્રભાવિત કર્યા. માલાર્મે અને વાલેરીની કાવ્ય વિચારધારાનો સમાદર કરવાનું વલણ ઉપસ્થિત થયું. શબ્દને શબ્દ તરીકે કસવાની હિમાયત એક તરફ વિચ્છિન્નતાની અસર અને બીજી તરફ શુદ્ધ કવિતાનો આગ્રહ સાહિત્યની કવિતાકળા ઉપરાંત ચિત્ર, સંગીત કળા પર પણ પ્રભાવ પડે છે.

કવિતા સેંન્દ્રિય પદાર્થ છે. અને અનુ પર્યવસાન ઈન્દ્રિયપ્રત્યક્ષ-સંવેદ્ય હોવું જોઈએ એ વાતનો આગ્રહ રાખવામાં આવ્યો. ભાષાનો આ દૃષ્ટિએ મહિમા વધ્યો. સુરેશ જોષી ભારપૂર્વક કહે છે કે "કાવ્યમાં કલ્પના ઈન્દ્રિય સંતર્પક નીવડવી જોઈએ." સુરેશ જોષીનો વિરોધ છંદ કરતા ભાષાની કૃત્રિમતા સામે છે. હરિવલ્લભ ભાયાણી પણ નોંધે છે કે "સંસ્કૃત વૃત્તના દૃઢબંધે ગુજરાતી કાવ્યભાષાને વ્યવહારભાષાની તુલનાએ ઉચ્ચારણ, શબ્દભંડોળ, અને શબ્દ વિન્યાસની બાબતમાં વધુ પડતી કૃત્રિમ બનાવી. અભિવ્યક્તિની કેટલીક ગૂંગળામણ સરજી અને કાવ્યને વિશાળ વર્ગથી દૂર રાખવામાં ફાળો આપ્યો." અલબત્ત છંદમાં પણ આપણે ત્યાં ઘણી ઉત્તમ રચનાઓ આ ગાળામાં મળે છે. તળપદી, બોલચાલની લઢણો અક્ષરમેળ વૃતોમાં પણ આધુનિક કવિઓએ ઉતારી છે.

**આધુનિક ગુજરાતી કવિતાઃ**

આધુનિક કવિ ભાષા પ્રત્યે વધુ સભાનતા કેળવે છે. ભાષાની શક્યતાનો પૂરેપૂરો કયાસ કાઢે છે. નવી ભાષા નહિ પણ અવનવી રીતે ભાષાપ્રયોગ કર્યો છે. કવિતામાં પ્રયોજાતી ભાષા તાજી, શક્તિશાળી અને ચમત્કૃતિયુક્ત છે. સર્જકની ભાવમુદ્રા, આગવી સંવેદના અને પ્રતિભાનો પુટ પામે છે. આ સાથે કામ પાડનાર આપણા કવિઓમાં આધુનિકતાના પ્રણેતા સુરેશ જોષીને ગણીએ છીએ. ત્યારે 'છિન્નભિન્ન છું' નો ઉદ્ગાર ગાંધીયુગના કવિ ઉમાશંકરનો છે. ત્યારે તેની પાસેથી આ તરેહની નવીન કવિતા 'છિન્નભિન્ન છું' માં મળે છે. આપણે ત્યાં આધુનિકતાના પ્રબળ આવિષ્કર્તા કવિઓમાં જોઈએ તો સુરેશ જોષી, ગુલામમહમ્મદ શેખ, લાભશંકર ઠાકર, રાવજી પટેલ, મણિલાલ દેસાઈ, સિતાંશુ મહેતા, ચંદ્રાકાન્ત શેઠ, રમેશ પારેખ, અનીલ જોષી, ચંદ્રકાન્ત ટોપીવાળા ઉપરાંત અનેક કવિઓએ આધુનિક કવિતાને પોષી છે. બલ્કે તેની નિત્યનૂતન ભાવાભિવ્યક્તિ ભાષાના માધ્યમ દ્વારા શબ્દને રમાડ્યો છે.

જેને આધુનિક કવિતાના નવા શબ્દ અંકુશ તરીકે ઓળખવામાં આવે છે. એ કવિ ઉમાશંકર જોશીની, 'છિન્નભિન્ન છું' કવિતાનું પ્રાગટ્ય ત્રીજી ફેબ્રુઆરી ૧૯૫૬ના દિવસે થાય છે. સંવાદિતાના સાધક એવા ઉમાશંકરની વાણીમાં હવે વિશીર્ણતા પ્રગટ થાય છે. કાવ્યના પ્રારંભનો ઉદ્ગાર 'છિન્ન ભિન્ન છું' અને પછીની ઉપમાઓ જુઓઃ

"નિશ્છંદ કવિતામાં ધબકવા કરતા લય સમો
માનવજાતિના જીવન પટ પર ઉપસવા મથતી કોઈ ભાત જેવો,
ઘેર ઘેર પડેલ હજી નવ-હાથ લાગ્યા ભિક્ષુકના ટુક જેમ,
વિચ્છિન્ન છું" (અભિજ્ઞા-પૃ.૧૧)

ભાવનાનું તત્ત્વ, વાસ્તવ દ્વારા તથા બદલાઈ રહેલી ભાષા તરેહ દ્વારા 'છિન્નભિન્ન છું' અને 'વિચ્છિન્ન છું' વચ્ચે જ પ્રાસતત્ત્વ કવિને સહજ સિદ્ધ છે આગળ જુઓઃ

" દુનિયા તો દુનિયાદારીમાં માનતી નથી જ નથી,

નથી એણે યાદ રાખ્યા કોટિપતિ,
સફળતાના શહીદોને નથી તે સંભારતી,"

નકારગ્રહી 'નથી'ની ભાષાને નાટ્યાત્મકતા મળે છે. તો અંતે

" દિનરાત રાતદિન ખિન્ન છું
એક કેન્દ્ર થવા મથી રહેલ કિલન્ન છું
ધબક ધબકમાં ઊડી રહેલ છિન્ન ભિન્ન છું"

-માંના 'ખિન્ન' 'કિલન્ન', 'છિન્ન', 'ભિન્ન' નો પ્રાસ તેમજ નાદસૌંદર્ય અને અર્થસૌંદર્ય સાધવામાં કવિની સાર્થકતા જોઈ શકાય છે. કવિ કહે છે કે તે પ્રમાણે 'કવિતા આત્માની માતૃભાષા છે. ' અને 'પુષ્પો, મારી કવિતાના તાજ-બ-તાજ શબ્દો છે. અને 'ત્યાં દૂરથી મંગલ શબ્દ આવતો... 'અભિજ્ઞા'ની કવિતા ઉમાશંકરની ભાષા સંપ્રજ્ઞતાનો સુરેખ આલેખ બનીને આપણી સામે આવે છે. અગાઉ જોયું તેમ સુરેશ જોશી અર્વાચીન કવિતાની રૂપરચનાના મંત્રે, આક્રોશ, આગ્રહ અને અભિનિહારી સાથે સભાન રહ્યા છે. કાવ્યભાષા અંગેની તેમની વિચારણા સક્રિય રહી છે.

"શબ્દો તો બોલીશું
પણ તે મૌનનું પાતાળ પૂરવાને"

એમ કહી મૌનના વિકલ્પ તરીકે ભાષાને એ સ્વીકારતા જણાય છે.

સુરેશ જોશીની પૂર્વાર્ધની કવિતામાં માનવ અને પ્રકૃતિ પ્રત્યેની વિસ્મય સભર મુગ્ધ દૃષ્ટિ જોઈ શકાય છે. રોમેન્ટિક વૃત્તિનો ઉદ્રેક પણ જોવા મળે છે. પણ હવે કવિ માનવ અને પ્રકૃતિ વચ્ચે સંવાદિતાના સ્થાને વિચ્છિન્નતા જુએ છે. તેમના 'ઈતરા' ના કાવ્યોમાં પ્રગટ થયેલા છાંદસ-અછાંદસ કાવ્યો અભિજાત સૌંદર્યરુચિ, સૂક્ષ્મ સંવેદનશીલતા અને તેને વ્યક્ત કરવા મથતી કલ્પનનિષ્ઠ વાક્પટુતાને લીધે આકર્ષક બને છે. 'એક દંત રાક્ષસનાં' કાવ્ય જુઓઃ

" એકદંત રાક્ષસના ખુલ્લાં જડબાં જેવું આ ઘર
મગરબરછટ એની સિમેન્ટત્વચા
દાખલ થતાં જ હીંચકો
ચીંચવાતો કચવાતો ડાકણ કચકારો
ઝૂલે એના પર હવાનું પ્રેત" (ઈતરા-૩૪)

કાવ્યનો ઉપાડ જ ઘરને વિચ્છિન્ન બતાવતા અને 'એકદંત રાક્ષસના ખુલ્લા જડબા જેવું' કહીને તેની ભયાવહતા ઊભી કરે છે. હીંચકાનું વર્ણન કરતા અવાજનું 'ડાકણના ડચકારા' સાથે જ જોડાણ અને 'હવાના પ્રેત' દ્વારા ઝૂલવાની ક્રિયાનું તાદૃશ્ય ચિત્ર અરૂઢ કલ્પનો દ્વારા આપે છે. તો આ જ સંગ્રહની 'કદાચ' રચનામાં કવિનું વસિયતનામું આપે છે.

" કદાચ હું કાલે નહિ હોઉં - '
કાલે જો સૂરજ ઊગે તો કહેજો કે "

-માં ‘કદાચ’ દ્વારા સંભાવના છે અને મનુષ્યના અસ્તિત્વ ઉપરનો મોટો પ્રશ્નાર્થ છે. અને પછી આગળ બધી વિગત નોંધે છે. ‘મારી બિડાયેલી આંખમાં એક આંસુ સૂકવવું બાકી છે.” કહીને પવન, સાગર, ચંદ્ર, અગ્નિ અને અગાઉ સૂર્યનું સ્મરણ કરી તેની વેદના ભાષાના માધ્યમ દ્વારા બળકટ રીતે વ્યક્ત કરે છે. આ સાથે ‘ઈતરા’ ના બીજા તબક્કાની રચનાઓમા કવિકર્મ પ્રૌઢિને પ્રાપ્ત કરે છે. પરિણામે કૃતિઓ વધુ સંકુલ સમૃદ્ધિવાળી બને છે. વસ્તુરૂપનું અદ્વૈત સિદ્ધ કરનારી શબ્દ સંયોજનાનું સૌંદર્ય બહુ પરિમાણીય કલાસૌંદર્યરૂપે વિકસતું જણાય છે. તો કેટલીક કૃતિઓ પ્રેમ, માનવીય સ્થિતિ અને કવિચેતનાને વિષય બનાવે છે. કૃતિની અંતિમ કૃતિ ‘એક ભૂલા પડેલા રોમેન્ટિક કવિનું દુઃસ્વપ્ન’ માં રોમેન્ટિસિઝમના દર્શન થાય છે. તેમની કવિતાના વિકાસની સમાંતરે જ કૌતુકરાગિતાનો વિકાસ થતો જાય છે. તેમનું દીર્ઘકાવ્ય ‘મૃણાલ, મૃણાલ તું સાંભળે છે?’ પણ ભાષાકર્મની રીતે જોવા જેવું છે. મૃણાલને સંબોધીને લખાયેલું છે. એમની વિશેષતા અને વિલક્ષણતાનું દ્યોતક છે. કથન, સંબોધન, નિવેદન, વર્ણન વગેરે વિવિધ પદ્ધતિનો વિનિયોગ કવિ કરે છે. ‘મૃણાલ, મૃણાલ’ નું સંબોધન અને બેવડાયા પણું કવિતાને વધારે દૃઢ બનાવે છે. ‘થોરને કાંટો ફૂટે તેમ’ ફૂટતા અવાજની દર્દનાક ક્ષણોનું આલેખન પ્રારંભાય છે.

" થોરને કાંટા ફૂટે તેમ એ ફૂટે છે મારે કણ્ઠે
મોટા શહેરના મધરાત વેળાના નિર્જન ચોકનું
કણસતું મૌન
શહેરને ખૂણે ખૂણે દૃઢ અને બેઠેલા પૂતળાંઓને
વીંટળાઈ વળેલી નિઃસંગતા”

-માં ‘કણસતા મૌન’નો પડઘો સંભળાયા વિના રહેતો નથી. સુરેશ જોશીની અન્ય રચનાઓમાં પણ રોમેન્ટિસિઝમ , વાગ્મિતા, કયારેક વિશેષણજન્ય શબ્દાળુતા, ધૂંધળા કલ્પન-પ્રતીકો વારંવાર જોવા મળે છે તેની પણ નોંધ લેવી રહી. પણ આખરે જયતં પાઠક કહે છે તેમ “સુરેશ જોશીએ આપણી રૂઢ કાવ્યવિભાવનાને હચમચાવી આઘાત આપી નવા માર્ગે ચઢાવી, કાવ્યના મૂલ્યાંકનના નવાં ધોરણો પ્રવર્તાવ્યા. પણ કવિ લેખે એમની શક્તિ બહુ ફૂલીફાલી નહિ” ('સુરેશ જોશીની કવિતા' બુદ્ધિપ્રકાશ-ઓક્ટો-૧૫ જયંત પાઠક)

કવિ ચિત્રકાર **ગુલામ મહમદ શેખ**ને ભાષાના વ્યાકરણ પ્રત્યે સુગ છે. અને એ આક્રોશ પૂર્વક કવિતા દ્વારા વ્યક્ત કરે છે.

“નામોની કાઢું નનામી
ક્રિયાપદોના પગ ભાંગુ
શબ્દોની પૂંછડીએ ચોંટેલી
સૃષ્ટિને ઝાટકી નાખું

છતાંય જો ન છોડે
હઠીલા રોગ જેવા શબ્દો
તો કવિતા કલ્પના કર્યાના બધા દોષ
હણી નાખું રોજ સવારે" (અથવા પૃ.૮૩)

'હઠીલા રોગ' જેવા શબ્દોની બળકટ ઉપમા, અહીં કવિતાના સંદર્ભમાં તિરસ્કૃતિ જોવા મળે છે. તેમનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે શબ્દોને ચિત્રાત્મકતા આપવાનું છે. પ્રકૃતિથી નહીં વિચ્છેદાયેલો આ કવિ પ્રકૃતિ દ્વારા આસપાસની સૃષ્ટિના સંદર્ભો દ્વારા પોતાની સંવેદનાને વ્યક્ત કરે છે. 'અથવા'ના કાવ્યો દ્વારા એમની સર્જન પ્રક્રિયાની પ્રતીતિ અને આધુનિકતાનો મરોડ જોવા મળે છે. પ્રકૃતિની નિઃસહાયતા અને માનવીય અભિગમોની વિચ્છિન્નતા કવિ જીવનનો વિરૂપ ચહેરો રજૂ કરે છે. એમનું એક દૃષ્ટાંત જોઈએ.

" ભૂંડાભખ્ખ ધાન જેવું
કોળિયાની સાથે આંતરડામાં ઉતરી જાય છે
કડવું, કઢંગુ
શિરાઓમાં પ્રસરે
પાંસળામાં ખૂણા કાઢે
હથપગ જીભે પરસેવો લળ થઈ લટકે
શ્વાસમાં ગંધાય સંડાસ જેવું
આંખો અને ગુદામાં
બારીઓ જેવું ઊઘડે, બંધ થાય
રઝળતો રઝળતો થૂંકી નાખું શહેરને
ઓકું ફૂટપાથ પર
મૂતરી કાઢું
બકું
લવું એની કવિતા."

આપણી પરંપરાગત રુચિને અ-શહેર વિશેની કવિતાથી ચોક્કસ આઘાત લાગે છે. નિરંજન ભગતનું 'મુંબઈ નગરી' યાદ આવી જાય. શબ્દોની માયાજાળમાં અલંકાર અને પ્રતીક-પ્રતિરૂપની ભરમાર અને ભાષાની સાથેનો તેમનો વ્યવહાર જોઈ શકાય છે. તો ચિત્રકારની પીંછીના લસરકાની જેમ કાવ્ય પણ એકાદ લસરકાથી અવનવા રંગો વ્યક્ત કરાવે તેવી તાકાત તેમની છે તેનું ઉત્તમ ઉદાહરણ 'જેસલમેર' કાવ્ય છે.

" મરુથલે મોતી મઢ્યું આ નગર
એને ટોડલે મોર અને ભીંતે ફરે હાથી,

ઝરુખે ઝરુખે પથ્થરનું હીરભરત
બારીએ બારીએ બુઠ્ઠી તલવારોનાં તોરણ,
સાંજના અજવાળે ભીંતો નારંગી ચૂંદડીની જેમ ફરફરે
બારણે લોઢાના કડે
આઠ પેઢીના હાથનો ઘસરકો"

સમગ્ર ચિત્રમાં રાજસ્થાની શૈલી, સંસ્કૃતિ, ઇતિહાસ, સમાજ, ભૂગોળનો પરિવેશ ઊભો થાય છે. જેસલમેરનું મહત્ત્વ કવિ ઉજાગર કરી શકયા છે. ઝરુખે ઝરુખે, બારીએ બારીએ, 'ફળિયે ફરે' માં અનાયાસ વર્ણસગાઈ, શબ્દદ્વયો, આગળ લાલચટક ચૂલાની ઝાળ, રોટલા ટીપતી, નારંગી રંગની ભીંતો, ચૂંદડી, બારણા, કડા, મોર, હાથીના ચિત્રોથી કવિતામાં નાવીન્યનો સૂર પ્રગટે છે.

'જેસલમેર' ગુચ્છની રચનામાં કવિ મ્હેલ, આંગણ, દીવાલ, જર્જરીત સાફા, ચણિયા, ચીંથરીને પ્રશ્ન પૂછી ગૌરવશીલ વ્યતીત ઊભું કરે છે.

અછાંદસમાં કવિ ગદ્યને વિવિધ છટાઓ, કાકૂઓ, આરોહ-અવરોહ સાથે ગૂંથે છે અને તેમાંથી અનિયમિત લય ઊભો થાય છે. અછાંદસમાં પ્રયોજાતી ગદ્યતરેહોનું વૈવિધ્ય તેમનામાં વિશેષ જોવા મળે છે. આધુનિક કવિનું ભાવવિશ્વ દૃષ્ટિગોચર થાય છે. કબ્રસ્તાનની સાંજ અને સવારની ધૂસર સૃષ્ટિ જેવો વિષાદ, જડ-કઠોર સમય અને માણસોની થકવી નાખતી દુનિયા, અંધકાર, ઘુવડ, રાત્રિ, સૂરજ, ચંદ્ર, ધુમ્મસ, રણ, ઊંટો, વેરાનતા, ભાષા સાથે અપવ્યવહાર કરતા કવિઓ, સંવેદન બધિર લોકો આવા આવા ભાવોની વચ્ચે કવિ આ સૃષ્ટિને એના જ ઉપકરણોથી આલેખે છે.

"રણને છેડે બેઠેલા બધાં ઘર
મરેલાં ઊંટોને કાંધે નાખી ચાલી નીકળ્યાં"

-માંનો સજીવરોપણનું વર્ણન હૃદ્ય બને છે. તેઓ કલ્પનો અને દ્રશ્ય સંકેતોના કવિ છે. શબ્દના નાદ ઉપર, શબ્દશ્રુતિ ઉપર એમનો કાન બેઠો નથી, એવું સતીશ વ્યાસ જણાવે છે. પણ ઈન્દ્રિય સ્પર્શક્ષમતાના અનેક ઉદાહરણો એમની કવિતામાંથી મળે છે. શુદ્ધ કવિતાની શોધમાં નીકળેલા કવિ 'ચહેરો'માં 'કચડાયેલી જીભથી ખરડાયેલા એક શબ્દ' ને આધારે 'કોઈ બચી ગયેલા ચહેરા'ની અંદર શોધે છે. પરંપરાગત છંદો અને કવિતા માટે પ્રચલિત લયને છોડીને તેમણે પોતાનો આગવો અછાંદસ લય નીપજાવ્યો છે. આ લય ગદ્યનો છે. તેમની કવિતામાં દૃશ્યકલ્પનો વિપુલ મળે છે. જેનું કારણ ચિત્રકાર કવિ છે. ઊર્મિતત્ત્વનો અભાવ છે. આમ છતાં ગુજરાતી સાહિત્યને વિશિષ્ટ પ્રકારની તાજગીપૂર્ણ અછાંદસ કવિતા મળી જે તેમનું કવિકર્મ અને ભાષાકર્મ દેખાઈ આવે છે.

આ સમય ગાળામાં 'રે મઠ ના કવિઓનું પ્રદાન નોંધપાત્ર છે. એમાં વિશેષતઃ **લાભશંકર ઠાકર**ની રચનાઓ ધ્યાન ખેંચે છે. પરંપરાગત આધુનિકતામાં થતું અભિસારણ 'વહી જતી

પાછળ રમ્યઘોષા' થી થાય છે. સંગ્રહની મોટાભાગની રચનાઓ અક્ષરમેળ-માત્રામેળમાં કરી છે. તેમનો સંવેદન વિષય શબ્દશોધનો રહ્યો છે. ભાષા વિશે ભાષા દ્વારા વિપુલ સ્તર પર કવિતામાં વિચારનારા એ કવિ - સર્જક છે. સતીશ વ્યાસ કહે છે તે પ્રમાણે એમના અનુભવ જગતનું દ્વિતીય હૃદય બની ચૂકેલા શબ્દ કયારેક એમને મૂંઝવે છે, પીડે છે, ભગાવે છે, છેતરે છે, કયારેક એ શબ્દ એમને શૂન્યતાનો અનુભવ કરાવે છે.

" સાચે જ
અવાજને ખોદી શકાતો નથી.
ને ઊંચકી શકાતું નથી મૌન"

-માં અનુભૂતિની સચ્ચાઈનો રણકો છે, તો ભાષા વિશે જુઓ : વહેતા જળનો અભાવ, ભાષા/ આરપારનો અભાવ ભાષા" તેમનું જાણીતું કાવ્ય ‘તડકો’માં કવિ કલ્પનોની હારમાળા લઈને આવે છે. સાથે સાથે ભાષાનાં શબ્દસ્થ આવર્તનોની લીલા રચાઈ છે.

" પીગળે પીગળે પડછાયાના પહાડ
ને આંસુમાં
ડૂબતી તરતી
તરતી ડૂબતી
અથડાતી ઘુમરાતી આવે
થોર તણી કાંટાળી લીલી વાડ"

-માં વર્ણસગાઈ ‘પ’ વર્ણ કેવી રીતે પીગળે છે. અને ડૂબતી તરતી-તરતી ડૂબતીમાં જે લય હિલ્લોળ છે તે જોવા મળે છે.

" ઠક્ ઠક્ ઠક્ ઠક્ અવાજમાં
હું ફૂલ બનીને ખૂલું
ખૂલું
ઝાડ બનીને ઝૂલું
ઝૂલું
દરિયો થૈને ડૂબું
ડૂબું
પ્હાડ બનીને કૂદું
કૂદું
આભ બનીને તૂટું
તડકો થઈને"

-માં ખૂલવું, ઝૂલવું, ડૂબવું, કૂદવું, તૂટવું ને કટાવ સવૈયાની ચાલમાં ગૂંથીને આવર્તનો ખોલી આપે છે. આ ક્રિયાપદો દ્વારા કવિ કાવ્યને વધારે ધારદાર અભિવ્યક્તિ આપે છે. ચંદ્રકાન્ત શેઠનું વિધાન જુઓઃ “અર્થ – Meining જાણે શબ્દ - Soundમાં સંક્રાન્ત થાય છે. શબ્દ અને અર્થની ભેદમૂલક સભાનતા વિગલિત થઈ જાય છે. ભાષાની આ રીતે કાવ્યમાં થવી જોઈતી ઉત્ક્રાંતિ સિદ્ધ થાય છે.” (વહી જતી પાછળ રમ્યઘોષા, પૃ.૧૧૦) રઘુવીર ચૌધરીએ પણ આ કાવ્યનો આસ્વાદ કરતા નોંધ્યું છે “કાવ્યને સૌંદર્યાનંદ સુધી પહોંચાડવામાં પ્રસ્તુત કાવ્યની લયાન્વિત વાણીનો ફાળો પણ નોંધપાત્ર છે.

" સાચાં રે ભાઈ સાચાં
તમેય સાચા
અમે ય સાચાં
તડકાના ટૂકડાઓ સાચા
દરિયો સાચો
માછલીઓની મોં ફાડો પણ સાચી
થડ તડકાનું સાચું”

સાચાં, સાચી, સાચું, સાચો માં આવતા આ કારાન્ત, ઈકારાન્ત, ઉકારાન્ત, ઓ કારાન્ત આવર્તનો ભાષાની મજબૂતાઈની દેણગી છે. અને તડકાનું રૂપ જાણે આપણી સામે સિદ્ધ થાય છે અને કવિની અનુભૂતિ સર્વાનુભૂતિમાં પરિણમે છે. એ કાવ્યની રમણીયતા છે.

“તડકો ડૂબે છે/ તડકો દોડે છે/ તડકો ઊંઘે છે/ તડકો બોલે છે/ તડકો નાચે છે" ના અવનવા રૂપો કવિતના દ્યોતક બને છે. તડકાના રંગબેરંગી પણાને ચારે દિશામાં એકાકાર કરી આપે છે. તેમાં કવિ કસબ છે. ભાષાની અનેક શક્યતાઓને કાવ્યદેહે કવિ મૂર્તિમંત કરી શકાય છે. તેમના ‘લઘરા કાવ્યો’માં હાસ્યના પ્રયોગો તથા ‘બૂમ કાગળમાં કોરા’ના ત્રીસ કાવ્યમાં ‘વસ્ત્રહીન વેશ્યા’ કહીને રૂપકાત્મક સ્વરૂપમાં એના બજારૂપણાને સફળતાપૂર્વક ઉપસાવ્યું છે.

" ગોળ ગોળ ફરતી
સ્તનની ટેકરીઓ પર
આંખથી ઝૂકી પડું" (બૂમ કાગળમાં કોરા-૪૮)

‘સ્તનની ટેકરીઓ’ નું રૂપક અને ‘ગોળ ગોળ ફરતી ’કહીને સજીવતા બક્ષવાનો પ્રયત્ન સરાહનીય છે. છંદોમાં, વિષયોની એકવિધતામાં, રંગદર્શિતામાં સીમિત થઈ ગયેલી ગુજરાતી કવિતાને જુદી દિશા લાભશંકરઠાકરની કવિતામાં જોવા મળે છે. તેઓ માધ્યમ વિદ્રોહના કવિ છે.

ગુજરાતી ભાષામાં સાહિત્યમાં અને કવિતાક્ષેત્રે આધુનિકતાનું મજબૂત કર્મ સિતાશુ યશ્ચચંદ્ર પાસેથી મળે છે. તેઓ ‘ગુજરાતી કવિતાને પરાવાસ્તવવાદી વળાંક આપે છે. ભાષાની

ખમીરવંતી, ચિંતનપ્રેરીત, વસ્તુલક્ષી ચાલ આ કવિની કાવ્યબાનીને વિશિષ્ટ મુદ્રા આપે છે. પરાવાસ્તવિક અનુભૂતિને રજૂ કરવા માટે કવિ ભાષા, છંદ અને લયના પરિચિત સંકેતોને તોડી નવી અને જુદી રીતે પ્રસ્થાપિત કરે છે.

એમની કવિતામાં શુદ્ધમનોગત સ્વયંસંચલનો, સ્વયંસ્ફૂરણો, સ્વપ્નો, સંમોહન, અનૈતિહાસિક સમય, અતર્ક, અસંગતિ, તરંગી લીલા તથા ઈન્દ્રિયભ્રમોને અનાયાસ અનુસરે છે. વાણીના સૂક્ષ્માતિસૂક્ષ્મ સંચારોના કાવ્યાત્મક વિનિયોગથી કવિ વિચારપ્રેરક અને રસપ્રદ ચમત્કારો સર્જે છે. તેઓ રવાનુકારી શબ્દોથી માંડી ને અન્-અર્થકારી શબ્દો સુધી ભાષા સાગરયાત્રા રોમાંચક છે. શબ્દને અર્થથી શક્ય એટલો દૂર તેમના કાવ્યોમાં બોલચાલની તરેહના પ્રયોગો પણ મળે છે. વાતચીતની સાહજિક લઢણમા આ કાવ્ય જુઓ.

'માતમા મરી ગયાના મેળવડામાં મામલતદાર સાયેબનું બોલતાં મોં સુકાય"

-માં વર્ણસગાઈ અને કથનશૈલીની કળા ઉપસી આવે છે.

વર્ણપ્રધાન કવિતાના કવિ પાસે હોવું જોઈતું ઉક્તવૈવિધ્ય, વૈચિત્ર્ય **સિતાંશુ યશચંદ્ર**માં જોવા મળે છે. મદારીની ભાષા, બાળવાર્તા શૈલીનો ઉપયોગ કરે છે. એમની ભાષામાં એક પ્રકારનો ચૈતસિક સ્તર રચાય છે. સભાનતાપૂર્વક ભાષાને ગોઠવવા મથનાર આ કવિનો શબ્દ બુદ્ધિપૂત વિશેષ છે. રઘુવીર ચૌધરી 'અદ્યતન કવિતા' માં નોંધે છે. 'સિતાંશુનો વાક્ય વિન્યાસ અપૂર્વ છે. આજાનબાહુ છે એનો ઉદ્‌ગાર મોટી બાથ ભીડી શકે છે."

તેમનું 'જટાયું' આધુનિક ગુજરાતી કવિતાનું એક ઊંચું શિખર છે. કાવ્યમાં કવિએ અત્યંત અંગત અનુભૂતિને સફળતાપૂર્વક પૂરાકલ્પનની બિનઅંગત વસ્તુતામાં પ્રગટાવી છે. 'પ્રલય' જેવી દીર્ઘરચનાઓ યૌન પરિપ્રેક્ષમાં વૈશ્વિક પરિમાણ પર પરિણામ સિદ્ધ કરવા મથે છે. આધુનિક પ્રયોગશીલ કવિમાં તેમની ગણના નોંધપાત્ર છે.

જુઓ, એના નાદ દ્વારા જ કાવ્યમય આબોહવાનું નિર્માણ કરવું એ એનું લક્ષ્ય છે.

"ટેન્ત કહું કચ ડાળે તો રે
ળેન્ક ટકું ટચ હાડે તો તે
હેન્ડ તળું કક કેડાતોચે
હેન્ક ચેન્ક કચ ડાન્ક તોન્ક હાં. "

કઠોર વર્ણોના આવર્તનો બાનીનું યુદ્ધોચિત ઓજસ નિરમે છે. ટેન્કની ગતિનો નાદ, રવાનુકારી શબ્દનું સંયોજન, નાદ સિદ્ધિ અર્થે તેનો વ્યાપક ઉપયોગ કવિ કાવ્યાત્મક રીતે કરી શક્યા છે.

'એક સરરીયલ મૃત્યુ'માં કવિની કર્તૃત્વ શક્તિનો પરિચય મળે છે.

"ખરી પછાડી, પુચ્છ ઉછાળી દોડ્યા
કાળા ડમ્મર ઘોડા, ધોળે ખડકાળે રથ જોડ્યા"

-માં મૃત્યું સંવેદનની તીવ્રતા અને પ્રતીક કલ્પનો દ્વારા કાવ્યનો ઉપાડ નોંધપાત્ર છે. ઘોડાની ગતિનું વર્ણન, કાવ્યનાદ દ્વારા સુપેરે વ્યક્ત થયું છે. કાવ્યમાં આવતો 'ઘડ ઘડ ઘડ ઘડ' નો ધડાકો અચાનક ઝબકાવી જાય છે.

'રાનેરી'ના કવિ તરીકે ખ્યાત મણિલાલ દેસાઈનો અવાજ આધુનિક ગુજરાતી કવિતાને પોષક નીવડે છે. ગીત, ગઝલ, છાંદસ, અછાંદસ અને ગદ્યકાવ્ય સ્થૂળની રચનાઓ લઈને ઓલા આ કવિ પા પોષક નીવડે છે. ગીત, ગઝલ, છાંદસ, અછાંદસ અને ગદ્યકાવ્ય સ્વરૂપની રચનાઓ લઈને આવેલા આ કવિ પાસેથી પ્રકૃતિના વિવિધ તત્ત્વો અને અંધકારને વિષય બનાવીને કવિતાને પોષણ પૂરું પાડ્યું છે. એમની કવિતાના તળપદા સંસ્કારો, ભાષાભિવ્યક્તિ તાજગી, પ્રયોગશીલતા, નવ્યપ્રતીક વિધાન, ગીતોનો પ્રલંબલય અને પ્રાદેશિક બોલીનો વિનિયોગ જોવા મળે છે. તેમનું જાણીતું-માણીતું- માનીતું ગીત 'બોલ વ્હાલમના' આજે પણ ગુજરાતીઓને પોતીકું લાગ્યું છે. પ્રણયભાવની મસ્તી અને નાદ-પ્રાસનું સૌંદર્ય સોળેકળાએ ખીલી ઊઠે છે.

" ઊંબરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વ્હાલમના
બોલ વ્હાલમના, બોલ વ્હાલમના"

-માં આવતા તળપદા લ્હેકાને કારણે ગીત સાદ્યંત સર્વાંગ સુંદર બને છે. તો 'આભ' ગીત કવિની અનેક વિશેષતાઓ અને વિલક્ષણતાઓનું પ્રતિનિધિત્વ કરે છે.

" આભને નહીં હોય રે આભની માયા
નહિ તો એ વેરાન કે વને, આવળબાવળ ઝાડ કે જને
ડો'ળતું નહીં રે'ય રે, એની સોનલ વરણી છાયા"

પ્રલંબ લય અને ભાષાનું કૌવત દાખવવા આ ગીત નો ઉપાડ 'આભ' શીર્ષકને બરોબર ન્યાય આપે છે. લય અને ભાષાનું રમણીય અદ્વૈત રચાય છે. ચિનુ મોદી નોંધે છે તેમ "આભનું આ ભાવિ સ્કેલ પરનું પવન ઉપકરણથી થયેલું ચિત્ર, આપણી ભાષામાં થયેલા ગતિશીલ ચિત્રોમાં માગ મૂકાવે એવું છે." (બે દાયકાઃ ચાર કવિ, પૃ.૨૪)

તો 'અદ્યતન કવિતા'માં રઘુવીર ચૌધરી નોંધે છે તેમ 'સજીવારોપણની રૂઢ પદ્ધતિઓથી આ ગીત ઘણું આગળ નીકળી ગયું છે."

અગાઉ જોયું તેમ 'અંધકાર' કવિનો પ્રિય વિષય છે.

"અંધારુ પીળું આકાશ નહી બાલમા
અંધારુ લોલ લાલ સુંવાળું ફૂલ
અંધારુ બાવળનું ફૂલ નહીં બાલમાં
અંધારુ સુવાળી શમણાંની શૂલ."

-ઈન્દ્રિયતા જોવા મળે છે. અંધકારનો રંગ ચિત્રકારની જેમ જુદા જુદા ભાવમાં તાદૃશ્ય થાય છે. ઉપરાંત તેમની પાસેથી મનોહર ઉપમાઓ પણ મળે છે.

"ત્યાં ક્ષિતિજેથી ખર્યો તારો
ને આપણોયે અંત શું ન હોય
બસ આવો યોગી કેરા હાથથી
સરી જતા
મણકા સમો " ('રાનેરી' પૃ.ર)

ક્ષિતિજથી ખરતા તારાને 'યોગી કેરા હાથથી સરી જતાં મણકા'નું ઉપમાન નિર્વેદનો સ્પર્શ કરાવે છે. કાવ્યની રમણીયતા ઊડીને આંખે વળગે છે. સજીવારોપણ પણ તેમના ભાષાકસબમાં ઉમેરો કરે છે, એક ઉદાહરણમાં જુઓ :

"રેડિયમથી ચળકતા આંકડાઓ
ટીકીટીકીને જોવા માંડ્યું, " (રાનેરી)
-કે
"સવાર
મારા હોઠ પર ચુંબન કરે છે. "

-નો સજીવારોપણ આહ્લાદક બને છે. આમ મણિલાલ દેસાઈની કવિતાનો ઝોક પ્રતીક-કલ્પન અને ઈન્દ્રિય સંવેદનો તેમજ છંદ અલંકાર-લયનાદ ના સૌંદર્ય થકી કાવ્યભાષાને સીધી તાકે છે. મણિલાલની કાવ્યભાવનાની લગોલગ અને આધુનિક કવિતાના હાર્દ સમા રાવજી પટેલ આધુનિક ગુજરાતી કવિતામાં સીમાચિહ્ન પ્રદાન કરે છે. ઓછું જીવીને ઉત્તમ રચના આપનાર કવિઓનો શબ્દપ્રદેશ ઉર્ધ્વગતિમાન રહ્યો છે તે જોવું રહ્યું. તેમની કવિતામાં ગ્રામીણ કૃષિ ચેતના અને આધુનિક ચેતના દ્વારા અંગત વેદના અને મૃત્યુની અનુભૂતિનો ઈન્દ્રિય વ્યત્યયના આધારે પ્રતીકાત્મક રીતે સંદિગ્ધતાની સૃષ્ટિ સર્જે છે.

**રાવજી પટેલ**ની કવિતામાં આવતી કલ્પન પ્રતીકની સૃષ્ટિ એટલી માતબર છે કે સમજનાર અને સમજાવનારને અઘરી પડે. અને તેમાં જ કવિનું જીવન, દર્દ, ઉત્સાહ, આવેગ, અતિરાગ, પ્રેમ, ઝંખના જેવા ભાવોનું આગવું વિશ્વ ઊભું થાય છે.

"મારે નથી શણગાર પ્હેરવા,
એની ઉપર ખીજડા છો ઊગ્યા કરે
સુગરીઓ ભલે બાંધે ઘર, ભલે સેલ્યૂટ ભર્યા કરે !
આપણે શા ઠાઠ !
કવિતાને ઘર શું ને કરવા શા ઘાટ !
કવિતાને ખપે બસ મોગરા ની વાસ." (અંગત-૬૦)

'ખીજડા'થી 'સેલ્યૂટ' સુધીની શબ્દલીલા ઠેક લે છે. આવું અલગારીપણું એ રાવજીની ભાષાનો વિશેષ છે.

"તમારે તો ગણિતમાં મનોયત્ન ગણવાં છે.
મારી પાસે નથી એ ગણિત
મારી પાસે નથી એના અર્થ
મારી પાસે કવિતાના નથી કશો નર્થ !"

કવિતાના ગણિતની અને અર્થની અજાયબ વાત લઈને કવિ ઈન્દ્રિયતાની ઝાંખી કરાવે છે. 'અસંખ્ય રાત્રિઓને અંતે'નું વર્ણન જુઓ પંચેન્દ્રિય સ્પર્શની અનુભૂતિ થયા વિના નહિ રહે.

"બળદ તણી તસતસતી મેઘલ ખાંધ સરીખો
પ્હાડ દબાયો
વીંછણના અંકોડા જેવાં બિલ્ડિંગોથી
હરચક ભરચક શહેર દબાયાં
જૂના જેવું ગામ નદીને તટ ચોંટેલું, એ ચગદાયું
હગડગ હગડગ ગર્ભ વિશ્વનો કંપે
મારી આંગળીઓમાં સ્વાદ હજી સિસોટા મારે કયા છે સ્પર્શ
ફણાળો
હજી સ્તનોના ચરુ સાચવી બેઠેલો
કેવડિયો કયાં છે ?"

આ કવિતામાંની આવતી ઉપમાઓ 'બળદ તણી' કહીને 'મેઘલ ખંધ સરીખો પ્હાડ' 'વીંછીના ડંખની વેદના' માં શહેરીકરણની છાપ, ગામ છે પણ જૂના જેવું આમ કલ્પનોની ભરમાર કવિતાને રમણીય બનાવે છે. અને આધુનિકતાનો ભરમાર રાવજી પટેલની અન્ય કવિતાઓને પણ ભાષાના ભાવથી અને તીવ્રતાના સંબંધથી ઉભરાતી જોવા મળે છે. તેમની કવિતામાં રુગ્ણતા, હતાશા અને પોતાને થતી ઉપેક્ષાનો ભાવ કાવ્યાત્મક સિદ્ધ થાય છે. 'હું જીવતો છું' ઠાગાઠૈયા, માં જોવા મળે છે. સ્ત્રી ઝંખના અને રતિરાગના કાવ્યોમાં ભાવાવેગની બળકટતા અને એને અનુરૂપ પરિસર, કલ્પનોની ભરમાર જોવા મળે છે. 'મેશ જોઈ મેં રાતી, ઢોલિયો, પત્નીનો નિદ્રાસ્પર્શ, શયનવેળા પ્રેયસી વગેરેમાં જોવા મળે છે. વતન, સીમ, ખેતર, માટી, વૃક્ષ, વગડો, પંખી, તળાવ, ઋતુ, પવન, ઘાસ, તડકો, ઘરનો અનુરાગ એમની કવિતાનો વિશેષ છે. તેમનું 'હુંશીલાલની યાદમાં' માં છાજિયા શૈલીમાં લખાયેલું કાવ્ય જુઓઃ

"હાય હુંશીલાલ વટનો કટકો
હાય હુંશીલાલ નરદમ કટકો
હાય હુંશીલાલ ગામનો પાડો

હાય હુંશીલાલ આંખ ઉઘાડો
હાય હુંશીલાલ અમને વરતો
હાય હુંશીલાલ હમ્બો હમ્બો"

ગામનો પાડો, આંખ ઉઘાડો, અમને ઓળખોમાં લાગણી સભર ઉદ્ગારો સંવેદનાની ધાર કાઢે છે. તો આવી જ રીતે 'મારી આંખે કંકુના સૂરજ' ગીતની નોંધ ગુજરાતી સાહિત્યમાં અને મૃત્યુના તીવ્ર સંવેદનને ભાષાના અવનવા પ્રયોગ દ્વારા લય-નાદનું સંવેદન ઝીલતું બતાવ્યું છે. ઘેરા કરુણભાવની વાત અહીં આવે છે.

'પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા
ડૂબ્યા અલકાતા રાજ, ડૂબ્યા મલકાતા કાજ"

-નાં કલ્પન-પ્રતીક દ્વારા ગીતની રમણીયતા સાદ્યત ઝીલાય છે. તેમાં જ એનું સ્મરણ ઝબકાવી જાય છે.

" મને રોકે પંછાયો એક ચોકમાં
અડધો બોલે ઝાલ્યો, આડધો ઝાંઝરથી ઝાલ્યો"

-માંની સ્મૃતિનું દૃશ્ય કલ્પન અને ઝાંઝરીનો અવાજ વિહ્વળ બનાવે છે. ઉપરાત રાવજી પટેલ પાસેથી કેટલીક પરંપરાગત છાંદસ રચનાઓ અને 'સંબંધ' જેવી દીર્ઘ કવિતા મળે છે. આધુનિક કવિતામાં એમનું યોગદાન અવગણી શકાય તેમ નથી. સંવેદન માજ્યાં શબ્દોથી તેમણે કાવ્યવિશ્વ રચ્યું છે. તેમણે પોતાના માધ્યમથી સાંપ્રત માણસની ગતિ-સ્થિતિની વાત સઘનતાથી કરી છે. માણસના ટોળા વચ્ચેની માણસની એકલતાની સંકુલ સ્થિતિનું નિરૂપણ તેમની કવિતામાં મળે છે. સુરેશ જોશીએ કહ્યા મુજબ "નવા કવિઓમાં રાવજીનો એક આગવો અવાજ છે. ઉપમેય-ઉપમાનને અસંગતિના ચગડોળે ચડાવી મારવા હોય, ઈન્દ્રિય સંતર્પક-સઘનતા લાવવી હોય, મરણનાં પણ ઈન્દ્રિય સંવેદ્ય રૂપો આલેખવા હોય કે હાસ્યની છોળો ઉડાડીને વ્યંગ્યને ધાર મઢવી હોય તો રાવજી પટેલ લીલીયા આ બધું કરી શકે છે. નાગરબાનીથી એ અતડો રહીને ચાલે છે. તળપદી બાનીના રેઢિયાળ પ્રયોગોથી દૂર રહીને એ સપાટી પરની કામગીરીથી સંતોષ માનતો નથી. એની સંવેદનામાં વૈદગ્ધ્ય અને સૂક્ષ્મતા છે.

**ચંદ્રકાન્ત શેઠ** પણ આ સમયગાળાના અગ્રીમ સર્જક છે. એમની દોડ શબ્દ સુધી અને શબ્દમાં જ છે. કાવ્યના ગીત, ગઝલ, સૉનેટ, છાંદસ, અછાંદસ વગેરે પ્રકારની એમની રચનાઓમાં કલ્પન-પ્રતીક, નાદ સૌંદર્ય, ગીતોનો લય હિલ્લોળ, અલંકાર પ્રયુક્તિ, ભાષાના સ્થૂળ સૂક્ષ્મરૂપોની લઢણ જોવા મળે છે.

અનંતમાં સ્વ-રૂપનું દર્શન અને એ રૂપની અનંતતાનું આલેખન, ભાષાના આરોહ અવરોહ અને અભિવ્યક્તિની સંતર્પકતા એમની અનેક કવિતામાં જોવા મળે છે.

" શોધતો હતો ફૂલ ને ફોરમ શોધતી હતી મને,

એકબીજાને શોધતા ગયા દૂર તો આવ્યા કને"

'કને' જેવો બોલચાલનો શબ્દ અને એકબીજાને શોધવાની મથામણમાં જે સહજતા-સરળતા છે તેનું હૃદ્ય આલેખ થયું છે. કવિની ભાષા વિશેનો અભિગમ જુઓઃ

" છંદની છ હજાર વર્ષ જૂની ચાલથી
ઓગણીસસો ચુમ્મોતેરને કેમ ચલાવવો !"

તેઓ કહે છે તેમ આજના કવિઓની ભાષા 'શુદ્ધ બામણિયા રસોઈ જમવાનો આગ્રહ છોડી રોજના જીવવાના માર્ગે' ચાલે છે. કવિ શબ્દની અનઅર્થતા અંગે સભાન હોવા છતાં તેમની કાવ્યભાષા અર્થપરક એકકેન્દ્રિયતા સાધવામાં સફળ રહી છે. તેમની પાસેથી આસ્વાદ્ય પ્રેમ-પ્રકૃતિનાં કાવ્યો સાંપડે છે. તેમનો શક્તિવિશેષ તો આધુનિક ભાવ બોધ પ્રગટાવતા ચિંતનપ્રવાહ કાવ્યોમાં પમાય છે. કવિ વિશ્વની વ્યાપક ચેતનાના સંદર્ભમાં આધુનિક સંવેદના અનુભવે છે.

" દશે દિશાઓનું કેન્દ્ર એક જે તે મારા મહીં
મારામાંથી ઉડતાં અને ખૂલતાં આકાશ"

કવિની કલ્પના ત્રણેય કાળને આવરી લે છે.

'ચંદ્રકાન્ત કયાં છે ?' એવી શોધ કરતી 'ચંદ્રકાન્તનો ભાંગી ભુક્કો કરીએ' એમ કહી આત્મનિર્ભરતા કરે છે.'સંવેદન-ચિત્રો'માં કવિ નાગ, મગર, કરોળિયો અને ઊંટના પ્રતીક દ્વારા કવિતાકળાને સમૃદ્ધ કરે છે. ગીત પરની પકડ એ કવિની શોભા બની રહે છે.

" ઊંડું જોયું અઢળક જોયું,
મનમાં જોયું, મબલખ જોયું"

-માં ઊંડાણનો અને આંતરમનનો મહિમા કરે છે. તળિયે ઊતરે છે. જળમાં ઉતરે છે. અને છેલ્લે કવિતાનો ભાવ જુઓઃ

" પલમાં જોયું, અપલક જોયું
હદમાં જોયું અનહદ જોયું"

-નો આંતરમન સાથેનો સંઘર્ષ શબ્દોની નજાકત રમણીય પદાવલિ દ્વારા વ્યકત કરે છે. અઢળક, મબલખ, તગતગ, ઝગમગ, અપલક, અનહદમાં રવાનુંકારી અને દ્વિરુક્તિએ ગીતના નાદ સાથે જોડાયને ગતિ આપે છે. તો અન્ય એક ગીત જુઓઃ

"અંદર ઊગ્યું કોના માટે ? કોના માટે બહાર ફરું ?
કોના માટે જંગલ ઝાડી, ડુંગર દરિયા પાર કરું ?"

-ના પ્રશ્નાર્થો કવિની મૂંઝવણ અને પોતાની જાતને પોતાનામાં ઓગાળી નાખવાનો તરવરાટ જોઈ શકાય છે. કવિ જિંદગીની, નિરર્થકતામાંથી કવિકર્મ દ્વારા કશોક અર્થ કાઢવાની મથામણ

કરતાં રહે છે. આધુનિક ગુજરાતી કવિતામાં એમની અનુભૂતિ અને અભિવ્યક્તિ આગવો અવાજ ઊભો કરવામાં સફળતાપૂર્વક કામ કરે છે.

આજ સમયગાળાના અન્ય કવિઓ પણ જેવા કે સુરેશ દલાલ, ચિનુ મોદી, મનોજ ખંડેરિયા, રઘુવીર ચૌધરી, રાજેન્દ્ર શુકલ, યશવંત ત્રિવેદી, ભગવતીકુમાર શર્મા વગેરેની ભાષાખોજ પણ પોતાના આગવા અવાજમાં પ્રગટતીરહી છે. જૂની અને નવી રીતિનું સંયોજન, રચનારીતિના અવનવા પ્રયોગો, ભાવાનુકૂલ વાણી મરોડની ખોજ અને એમાંથી પોતાનો અવાજ પ્રસ્થાપિત કરવાની પ્રવૃત્તિ આ યુગની કવિતાને ઘડવામાં નોંધપાત્ર છે. ગઝલ જેવા સ્વરૂપ દ્વારા પણ ભાષાનો પિંડ ઘડાય છે. બલ્કે બંધાય છે. આપણા ગઝલકારોએ પણ તેમાં ઓછો ઘાટ નથી આપ્યો! મનહર મોદી જેવા કવિઓ ગઝલ સાથે શબ્દોની મથામણથી અવનવા પ્રયોગ કરીને આધુનિક ગુજરાતી કવિતાની યશકલગી બનાવ્યા છે. માધવ રમાનુજ, મનોહર ત્રિવેદી, મણિલાલ પટેલ, ચંદ્રકાન્ત ટોપીવાળાનો આગવો અવાજ છે. તો પન્નાનાયક , સરૂપ ધ્રુવ જેવી કવિયિત્રીઓએ પણ નારીવાદી કવિતાનો અવાજ બનીને સૂક્ષ્મ સંવેદનને વ્યક્ત કરે છે.

આધુનિક યુગના સમયગાળાના ઝાઝરમાન ગીતકવિ તરીકેનું બહુમાન પ્રાપ્ત કરનાર આપણા બે ગીતકવિઓમાં **અનિલ જોશી** અને રમેશ પારેખની ગણના નોંધપાત્ર છે.

અનિલ જોશી પરંપરા અને આધુનિકતાનું સંયોજન કુશળતાથી કરે છે. લય અને કલ્પનની મૌલિકતા તથા તાજગીની અનુભૂતિ એમના ગીતોમાં થાય છે. આધુનિક ભાવાબોધ એમણે એમના ગીતોમાં આત્મસાત કર્યો છે. કવિતામાં તેના કરુણાવેધકસૂર, તળપદા પરિવેશનો અસબદ્ધ અને વિરહજન્ય એકલતાની વેદના કમનીય કલ્પનોમાં વર્ણવે છે.

"રાતા ગુલમહોરની યાદોમાં ને યાદમાં આસું ચણોઠી થઈ જતાં !
કોણ જાણે કેમ હવે ઝાઝું જીરવાય નૈ, મરવા દિયે તો કોઈ મરીએ,
સૂકી જીંદગી ડાળ તણા ફૂલ અને છાના ઊગી ને છાનાખરીએ.
તમે આવો તો બે'ક વાત કરીએ."

માં 'ચણોઠી'નું કલ્પન, રાતા ગુલમ્હોરની યાદ, અલંકારનો વૈભવ, શબ્દોની રમણિયતાનું આલેખન તેમજ લય-પ્રાસની સહજતા જોવા મળે છે. 'આકાશનું ગીત' જુઓ એની ભાષા કસબ.

"- કે મને ફૂટતી નથી રે કેમ ડાળખી !
ગોફણથી છૂટતો પથ્થર થઈને કયાંક
પટકાતું ભોંય મને લાગું
ગુલમ્હોરી ડાળખીના લીલા આકારને
ઝૂકી ઝૂકીને તોય માગું"

-માં લાગું, માગું નો પ્રાસ અને પ્રશ્નાર્થથી ઉપાડ થતો ' કે મને ફૂટતી નથી રે કેમ ડાળખી?' માં વૃક્ષ થઈને વિસ્તરવાનો ભાવ અથવા પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય કેવી હળવાશ અને નમ્રતાથી

કેળવે છે. 'ડાળખીના લીલા આકાર' જેવાં કલ્પનો ગીતને નાવીન્ય બક્ષે છે. તેમજ 'ઝૂકી ઝૂકી' ના શબ્દાર્થવર્તન દ્વારા નાદ સૌંદર્ય ઊભું થાય છે. કે તેમનું 'કવિ વિનાનું ગામ'ની વેદનાનો સૂર તેમાં પણ કવિતાની વ્યંજના છે કે કવિ વિનાનું ગામ એ સંવેદન વિનાનું ગામ છે.

" પ્હાડ ફરીને પાછા વળતા પ્હાડ મૂકીને આવ્યા,
પરોઢનું ઝાંખું અજવાળું ખાલી હાથે લાવ્યા.
ફૂંજડીઓના હારબંધ ટહૂકાની બારી ખોલી,
સૂર્ય ડોકિયું તાણે ત્યાં તો ઝળહળ ઝાકળ ઝૂલી
અંધકારનો ભણકારો થઈ ભમરો ફોરમ દોરે
સવારના ચહેરા પર બેસી અજવાળાને કોરે"

-નું સમગ્ર કાવ્ય, કલ્પન મઢ્યું અને પ્રતીકોથી રમણીયતા ને ઉભય કરનારું બને છે.'હારબંધ ટહુકાની બારી', 'સૂર્ય ડોકિયું તાણે', 'અંધકારનો ભણકારો', 'સવારના ચહેરા', 'દ્વારા સૌંદર્યની દૃષ્ટિનો પરિચય થાય છે. 'ઝળહળ ઝાકળ ઝૂલી' માં 'ઝ'નો ઝળહળાટ ઊભો કરી વર્ણસગાઈ સહજતાથી કવિતાની શોભા બને છે. તો તેમજ 'કીડીએ ખોંખારો ખાધો'માં

" ક્રાઉ ક્રાઉ કાગડાથી ખીચોખીચ લીમડામાં કીડીએ ખોંખારો ખાધો
તમને નથીને કાંઈ વાંધો!"

-નો પ્રશ્નાર્થ આપણા વાંધા સાથે નહિ પણ 'ક્રાઉ ક્રાઉ'નું આવર્તન અવાજની લાલીમા પાથરે છે. અને 'કીડીના ખોંખરા'નો નાદ આપણને ઈન્દ્રિયસંવેદ્યની અનુભૂતિ કરાવે છે. આ જ ગીતમાં લીમડા પરથી કીડીનું ઉતરવું, ગુંદરના ટીપામાં અટવાવું, અને ખરી જતાં પાંદડાને ગુંદરથી સાંધવાની ક્રિયા દૃશ્ય કલ્પન ઊભું કરે છે. લીંમડા સાથે આંબાનું ઝાડ, કીડીની તરસ, અને કીડીનો પડછાયો જંગલ ઢાંકવાની અતિશયોક્તિ ગીત માં સુપેરે વ્યક્ત થાય છે. અને આજ આધુનિક કવિતાનો મિજાજ છે. આપણે જોયું કે ઘેઘુર રંગદર્શિતા અને વિસ્મયને લયના પ્રયોગો દ્વારા પ્રતીક, કલ્પન, ઉપમા જેવા ભાષા ઉપકરણોના સંયોજનથી ગીતને ગૂંથે છે. અનિલ જોષીના ગીતોમાં વિસ્મયનું તત્ત્વ જુઓઃ

“કેમ સખી ચીંધવો પવનને રે હું તો ખાલી શકુન્તલાની આંગલી,
ઝંઝાના સૂસવાટા પાંખમાં ભરીને ઊઠું, આખ્ખું ગગન મારી ઈચ્છા
વહેલી પરોઢના ઝાંખા ઉઘાડમાં, ખરતા પરભાતિયાના પીંછા'
ઉરમાં તે માય નહી ઊડતો ઉમંગ, મને આવીને કોઈ ગયું સાંભળી.. ”

(કદાચ-૧)

ભાષાના વિધવિધ ઉપકરણો દ્વારા વિસ્મયને સ્ફૂટ કરે છે. શકુન્તલાના 'વીટી'ના પ્રતીકને પરભાતિયાના ખરતા પીછાં, સૂસવાટા પાંખમાં ભરીને ઉડવાની કલ્પના કાવ્યને રોમાંચક બનાવે છે. આવી જ રીતે 'કન્યાવિદાય' કવિની યાદગાર રચના છે. કવિએ આવડા મોટા

પ્રસંગને ઊર્મિગીતની મર્યાદામાં રહીને મોટો બનાવ્યો છે. તેમાં લક્ષણાનો પ્રયોગ ધ્યાન ખેંચે છે.

"સમી સાંજનો ઢોલ ઢબૂકતો
જાન ઉઘલતી મ્હાલે !
કેસરિયાળો સાફો
ઘરનું ફળિયું લઈને ચાલે !"

વર્ણાનુંપ્રાસ અને વર્ણસંયોજન સાંજનું અને વિદાય લેતી જાનનું શબ્દચિત્ર ઊભું કરે છે. લગ્નપ્રસંગનું તદૃશ્ય નિરૂપણ ભાષાની મદદથી કન્યા-વરના ભાવોને અને પરિવારની સંવેદનાને વધારે દીપાવે છે. ગીતના ઊંડાણને કવિ તાગે છે. ભાવ લયને લીધે તેનો તાગ મેળવી આપે છે.

" એ કાચો કુંવારો એક છોકરો હતો ને એક છોકરી હતી
ને વાત ચાલી એવી તો ભાઈ ચાલી !"

રોમેન્ટિક મિજાજ અને મનુષ્યના જીવનની ક્ષણભંગુરતા તથા છોકરો-છોકરી નિમિત્તે પુરુષ-સ્ત્રીની, કામ અને રતિની વાતને શબ્દદેહે મૂકી આપે છે.

"મારી કોઈ ડાળખીમાં પાંદડા નથી
મને પાનખરતી બીક ના બતાવો"

-માં હતાશા-નિરાશાની વેદનાને અતિક્રમી શકાય છે. ગીત ઉપરાંત કવિ પાસેથી ગઝલ, અછાંદસ, ગદ્યકાવ્યોના પ્રયોગો પણ જોવા મળે છે. 'ગેસ ચેમ્બર' જેવી દીર્ઘરચના અને 'હાઉ' 'સતત' જેવી ગઝલ નોંધપાત્ર છે.

આ સમયગાળાના અન્ય ગીતકવિઓમાં ભાનુપ્રસાદ પંડ્યા, માધવ રામાનુજ, ભગવતીકુમાર શર્મા, વિનોદ જોશી, મનોહર ત્રિવેદી, જગદીશ જોશી વગેરેમાં ભાષાદૃષ્ટિએ એક નવી આબોહવા લઈને આવે છે. નિત્યનિરાળા શબ્દોની લીલા એ એમના ગીતોને બળ પૂરૂ પાડે છે. લોકઢાળ અને લોકબોલીની પરંપરાને નૂતનપ્રવાહમાં વણી લેવાનો કસબ એ આ સમયની અને કવિઓ-ભાવકોની માગને પૂરતું ભાથું આપે છે.

આ સમયગાળાના આપણા સૌથી જાણીતા-માણીતા થયેલા એવા સૌરાષ્ટ્રની લોકબોલીનો લ્હેકો જેમની કવિતા-ગીતોમાં આબેહૂબ નિખરી આવ્યો છે. **રમેશ પારેખ** આધુનિક ગીત કવિતાનું શિખર છે. તેમના ગીતોની રમણીયતા અને કામણ આજે પણ ગુજરાતમાં ગુંજતું રહે છે. 'સાંવરિયા રે મારો સાંવરિયો' રાજેન્દ્ર શાહ કરતાં જુદો સાંવરિયો પ્રયોજીને ગુજરાતી ગીતોને સોને મઢ્યું છે. ગુજરાતી અદ્યતન કવિતા પર છવાઈ ગયેલા રમેશ પારેખ સર્જકતાથી ફાટફાટ થતા કવિ છે .જેમણે પોતાની બા પાસેથી ઘાણી ફૂટ કાઠિયાવાડી બોલી સાંભળીને કવિતાભાવકને તરબોળ કર્યા છે. રમેશ પારેખ, સમગ્ર સાતમા દાયકા કે આધુનિકતા પૂરતા

સમિતિ ના રહેતા ગુજરાતી સાહિત્યમાં યશસ્વી બનીને વિસ્તરે છે અને વિકસે છે. યુગને નવી દિશા ચીંધે છે. 'ચિંધ એને તું આખું વિશ્વ રમેશ' દ્વારા પરંપરા અને પ્રયોગશીલતાનો સુભગ સમન્વય આ ગીત કવિમાં નખશિખ છે. સર્જનની નવીનતા, વિવિધતા અને મૌલિકતાથી નવપ્રસ્થાન કરે છે. ગીતના સ્વરૂપને ઉફરા ચાલીને નવી દિશા અને દૃષ્ટિ પૂર્વકનું કાર્ય તેમનો વિશષ રહ્યો છે. ધીરુભાઈ ઠાકર 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા'માં જણાવે છે તે મુજબ " ગીતનું ચોકઠું જૂનું, ઢાળ જૂનો, શબ્દો ઘણું ખરું લોકભાષાના, પણ તેનું લય સંયોજન અરૂઢ ને અનોખું, ભાવની માવજત ઉચ્ચકોટિના કવિને છાજે તેવી વેધક-તેમાં યોજાયેલા ગતિશીલ કલ્પનો, લયના પ્રવાહમાં ભાવ કે વસ્તુની પલટાતી ભાત ઉપસાવીને અણધારી ચમત્કૃતિ સાધે છે. તેમાં પ્રગટ થતો કવિનો મિજાજ રોમેન્ટિક હોય છે."

રમેશ પારેખના ગીત-ગઝલ સંખ્યા અને સત્ત્વમાં માતબર છે. એમની કવિતાનો ભાવપક્ષ અને કલાપક્ષ સમૃદ્ધ છે. કવિતાના શીર્ષકથી માંડીને ઢાળ, લય, કથનની રીતિ અને કલ્પન-અલંકારનું વૈવિધ્ય તેમની પ્રયોગશીલ પ્રકૃતિની નીપજ છે. એમની પ્રતિભા મૂળ ઊર્મિકવિની છે. ગુજરાતી ગીતોની નવ છટા અને તરેહ એમનાં ગીતોમાં અનુભવાય છે. કાવ્યસામગ્રીના અપૂર્વ વિનિયોગની રચના તેમના કાવ્યોમાં એક રોમેન્ટિક સૃષ્ટિ ઊભી થાય છે. ઢાળ અને લયનું વૈવિધ્ય તેમના ગીતોનું આકર્ષક તત્ત્વ છે. ટૂંકા અને દીર્ઘ લય પ્રયોગો તેમાં વિશેષ છે. લય અને અભિવ્યક્તિ કવિતાના આંતર-બાહ્ય સૌંદર્યને ઉઘાડું કરે છે. સભાન ભાષાકર્મથી તે ગીતને વિશિષ્ટ ઊચાઈએ લઈ જાય છે. તેમના કાવ્યોમાં ભાષા, ભાવ, લય, કથનરીતિ અને અભિવ્યક્તિ છટાનું અપાર વૈવિધ્ય છે. કથનની તાજગી અને ચમત્કૃતિથી તેમની ગઝલો ધ્યાન ખેંચે છે. રદીફ-કાફિયા સાચવીને તેઓ ગઝલોમાં અભિવ્યક્તિની અનેકભાત ઉપસાવી શકે છે. આલાખચરના કાવ્યો અને મીરાં સંવેદનન અભિવ્યક્તિ એમની કવિતાનો અનેરો ઢોળ છે. નૂતન શબ્દનિર્માણ અન અરૂઢ ભાષાનું સામર્થ્ય એ કવિની પ્રાદેશિકતાની લઢણ છે. રૂઢિપ્રયોગો અને કહેવત-છંદ-અલંકારની પ્રચૂરતા એમને ફાવી ગઈ છે. સતત પ્રયોગશીલ રહેતી સર્જકતા તેમને આધુનિક કવિ તરીકે સિદ્ધિ અપાવે છે.

**સમાપનઃ**

સમગ્ર ગુજરાતી સાહિત્યમાં એને ખાસ કરીને આધુનિક ગુજરાતી સાહિત્યમાં આપણી કાવ્યભાવનાને સમયાતંરે વિકાસશીલતાનું બળ પૂરું પાડે છે. ઉમાશંકરથી રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, સુરેશ જોષી અને ગુલામ મહમ્મદ શેખથી રાવજી પટેલ, મણિલાલ દેસાઈ, લાભશંકર ઠાકર અને અનીલ જાષીથી રમેશ પારેખ સુધી આવતા ગુજરાતી કવિતાના અવનવા સંપ્રત્યયોએ ગુજરાતી ભાષાને અને એ ભાષામાં રચાતી કવિતાની નોખી મુદ્રાઓ ઉપસાવે છે.

**સંદર્ભગ્રંથની યાદી**


1. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ( આધુનિક અને અનુઆધુનિક યુગ ) – પ્રસાદ બ્રહ્મભટ્ટ
2. કાવ્યનિર્ઝર – પ્રસાદ બ્રહ્મભટ્ટ
3. સીમાંકન અને સીમોલ્લંઘન – સિતાંશુ યશશ્ચંદ્ર
4. અદ્યતન કવિતા – રઘુવીર ચૌધરી
5. અપરિચિત अ અપરિચિત ब - ચન્દ્રકાન્ત ટોપીવાલા
6. કાવ્યમાં શબ્દ – હરિવલ્લભ ભાયાણી
7. આધુનિકતા અને ગુજરાતી કવિતા – ભોળાભાઈ પટેલ
8. ખખડતી ખેંચે કવિતા કોણ ? – ચંદ્રકાન્ત શેઠ
9. ઈતરા – સુરેશ જોશી
10. અથવા – ગુલામ મહમ્મદ શેખ
11. રાનેરી – મણિલાલ દેસાઈ
12. અંગદ – રાવજી પટેલ
13. ઑડિસ્યુસનું હલેસું - સિતાંશુ યશશ્ચંદ્ર
14. છ અક્ષરનું નામ – રમેશ પારેખ
15. કદાચ – અનિલ જોશી